હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

આ ડીસેમ્બરમાં હું મતદાન અને કન્યાદાન બેઊ કરવાનો છુ તો આ કંકોત્રી...!!

ચાલકે કાબુ ગુમાવતા કાર ઘ-૩ સર્કલમાં જતી રહી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરમાં આજે સવારના સમયે અચાનક અમદાવાદ થી તરફથી આવી રહેલી શિફ્ટ કારના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા કાર ઘ-૩ સર્કલ પર જતી રહી હતી. અકસ્માતને પગલે નાગરીકોના જીવ પડીકે બંધાઈ ગયા હતા. ત્યારે કાર ચાલક પોલીસ કર્મચારી તેમજ દારૂના નશામાં ધુત હોવાની ચર્ચા પ્રત્યક્ષદર્શીઓમાં ચાલી રહી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના માર્ગો પર સ્પીડ લીમીટ વિના વાહનચાલકો રોકેટ ગતિએ વાહનો હંકારતા નજરે પડે છે. જેને પગલે અકસ્માતોની સંખ્યામાં વધારો થવા પામ્યો છે.ત્યારે ગતરોજ સવારે ચ-૬ સર્કલ પાસે સ્ટાફ બસ અને સ્કુલવાન વચ્ચે અકસ્માત સર્જાયો હતો.જેમાં સ્કુલવાનના ભુક્કા બોલાઈ ગયા હતા. જયારે શાળાના બાળકોને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા.

આજે સવારના સમયે ઘ માર્ગ પર પુરઝડપે દોડતી કાર ડિવાઈડર કુદીને ઘ-૩ સર્કલમાં ઘુસી જતા સ્થાનિક નાગરીકોના જીવ અધ્ધર થઈ ગયા હતા. સવારે સ્કુલ ટાઈમના સમયે જ ઘટના બનતા નગરજનો ગભરાઈ ગયા હતા. શહેરના ઘ માર્ગ પર ઘ-૨ થી ઘ-૩ તરફ રોકેટગતિએ આવતી કાર ડીવાઈડર કુદીને સર્કલમાં ગોઠવાઈ ગઈ હતી.

અકસ્માતને પગલે સર્કલ પર સ્થાનિક નાગરીકો દોડી આવ્યા હતા. જો કે બનાવમાં સદનસીબે કોઈ જાનહાની થવા પામી નથી. પરંતુ પ્રત્યક્ષદર્શીઓના કહેવા મુજબ કારનો ચાલક પોલીસ કર્મચારી દારુના નશામાં ધુત હતો.જયારે સાયકલ લઈને શાળાએ જતી એક કિશોરી કારની અડફેટે આવતા રહી ગઈ હોવાનું ધ્યાને આવ્યું છે.

જયારે બનાવ અંગે પોલીસ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લામાં આજથી વાતાવરણમાં ઠંડીનો માહોલ પ્રસરતો જોવા મળી રહ્યો છે. શિયાળાની ઠંડીનો પ્રથમ રાઉન્ડ શરૂ થતાં જ બજારોમાં ગરમ કપડાની ખરીદી જોવા મળી રહી છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે ખર્ચ નિયંત્રણ માટેની ટીમો સાથે નાયબ જિલ્લા વિકાસ અધિકારીએ સમીક્ષા બેઠક યોજી હતી.

● આરોગ્ય કેન્દ્રો માટે ગતિ-શક્તિ પોર્ટલ પર હવે તંત્રએ જમીન માટે અરજી કરવાની રહેશે.

● ગાંધીનગરના અડાલજ પાસે એક યુવાન ડુબ્યો હોવાથી તેના મૃતદેહને શોધવા માટે એન.ડી.આર.એફ.ની ટીમ તંત્રએ ફાળવી હતી.

● ગાંધીનગર મનપાની જુની કચેરી પાછળ ગટરના પાણી ઉભરાવાની ફરિયાદનો ઉકેલ હજુ આવ્યો નથી.

● શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં સીટી બસોની સુવિધા ન અપાતાં ગ્રામ્ય પ્રજામાં રોષની લાગણી જોવા મળી રહી છે.

● શહેરમાં ઉમેદવારો દ્વારા રિક્ષા પર માઈકો લગાવી પ્રચાર અભિયાન હાથ ધરાયુ છે.

● ઈસનપુર મોટા બ્રહ્મસમાજનું સ્નેહમિલન મોટા ચિલોડા ખાતે આવેલી ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ખાતે ૨૦મીએ યોજાશે.

● ઘ-૦ થી રિલાયન્સ ચોકડી જવાના માર્ગ પર વિકસી રહેલ ખાણી-પીણીના બજારને પગલે વાહનચાલકોને રાત્રિના સમયે તકલીફ પડી રહી છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતવાળા સર્વિસ રોડ પર પાર્કિંગની સમસ્યા હોવાથી ટ્રાફિક જામના દેશ્યો વારંવાર જોવા મળી રહ્યા છે. અહિ પંચાયત, મનપા સહિતની કચેરીઓ કાર્યાન્વીત છે.

● ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં પણ ગટરો ચોક-અપ થતી હોવાની ફરિયાદો ઉઠી છે.

● કુડાસણમાં જાહેરમાં કચરો બાળવાની ઘટનાઓ સામે આવતાં તંત્ર ચોંક્યુ છે.

ઝુંડાલ બ્રીજ પર આઈશર ટ્રક બળીને ખાક

ગાંધીનગર નજીક સરદાર પટેલ રીંગરોડ પર ઝુંડાલ ગામના બ્રીજ પર ગતરાત્રીના આઠ વાગ્યાના અરસામાં અચાનક આઈસર ટ્રકમાં આગ લાગી હતી. જો કે આગમાં આઈશર ટ્રક બળીને સ્વાહા થઈ ગઈ હતી. આગના બનાવને પગલે થોડીવાર માટે બ્રીજ પર વાહન-વ્યવહાર ઠપ થઈ ગયો હતો. બનાવની જાણ થતા ગાંધીનગર ફાયર ટીમ પહોંચી ગઈ હતી. પરંતુ તે પહેલા ચાંદખેડા ફાયર ટીમના જવાનોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો.

હેન્ડબોલ એસોસિયેશનના તમામ હોદ્દેદારો સર્વાનુમતે વિજેતા જાહેર

ગાંધીનગર, તા.૧૯

હેન્ડબોલ ફેડરેશન ઓફ ઈન્ડીયા દ્વારા ગુજરાતમા એડહોક કમિટીની રચના કરવામા આવી હતી. જેના દ્વારા ચુટણી જાહેર કરવામા આવી હતી. સમગ્ર ચુટણી પ્રક્રિયા રીટર્નીંગ ઓફિસર દિવ્યાગ પટેલની દેખરેખ હેઠળ યોજાઈ હતી. જેમા તા.૧૯/૧૧/૨૦૨૨ને શનિવારના રોજ સત્યમ પ્લાઝા, નિકોલ અમદાવાદ ખાતે યોજાઈ હતી. આ પ્રસંગે રીટર્નીંગ ઓફિસર દિવ્યાગ પટેલ, હેન્ડબોલ ફેડરેશન ઓફ ઈન્ડીયાના મંત્રી પ્રિતપાલ સિંઘ સલુજા ઓબ્ઝર્વર તરીકે અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના ઓબ્ઝર્વર તરીકે કૌશિક પટેલ, એડહોક કમિટીના સભ્ય ચંદરપાલ સિંઘ, ફેન્સીગ એસોસીએશન ઓફ ગુજરાતના મહામંત્રી ભરતભાઈ ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. હેન્ડબોલ એસોસીએશન ગુજરાતના તમામ હોદ્દેદારો સર્વાનુમતે વિજેતા જાહેર કરવામા આવ્યા હતા. જેમા પ્રમુખ તરીકે ચંદ્રેશ વાઘેલા, ઉપ પ્રમુખ તરીકે શિતલબેન પુવાર અને આર્ચી ગોહિલ, સહમંત્રી તરીકે કિપાલસિંહ પુવાર અને યાગ્નીક પટેલ, ખજાનચી તરીકે તુષાર પટેલ કારોબારી સભ્ય તરીકે હાર્દિક સૈદાને, ભાવેશ બારીયા, કિજલ ખટાણા અને તપન શાહની સર્વાનુમતે બિન હરીફ વરણી કરવામા આવી છે. તમામ કામગીરીમાં હેન્ડબોવ એસોસીએસન ગાધીનગરના મંત્રી અનિલ નાયીએ ભારે જહેમત ઉઠાવી હતી.

કુડાસણમાં કચરાપેટીમાં આગ લગાડતા યુવક સામે કાર્યવાહીની માંગ

ગાંધીનગર, તા.૧૯

ન્યું ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાંથી એક વિડીયો વાઈરલ થયો છે. જેમાં રાત્રીના સમયે ચાલતા જતા ત્રણ યુવકો પૈકી એક યુવક તંત્ર દ્વારા મુકવામાં આવેલી કચરા પેટીમાં આગ લગાડે છે. ત્યારે આ વિસ્તારમાં રાત્રીના સમયે ફરતા આવા અસામાજીક તત્વો સામે પોલીસ તંદ્ર દ્વારા લાલ આંખ કરવાની જરુર છે. સામાન્ય કચરા પેટીમાં લગાડેલી આગ કયારેક મોટુ સ્વરૂપ ધારણ કરે તો અનેક વ્યકિતના જીવ જોખમમાં મુકાઈ શકે છે.

મળતી વિગત મુજબ ન્યું ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી કાઈમની ઘટનાઓ વધતી જાય છે. આ વિસ્તાર સાંજ ઢળતા ધમધમતો રહે છે. રાત્રી દરમિયાન ખાણી-પીણીની દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ, તેમજ ચા-નાસ્તાની લારીઓને પગલે સતત કાર્યરત હોય છે. ત્યારે યુવાનો મોટીસંખ્યામાં બેસતા હોવાથી કયારેક નાના મોટા ઝઘડા પણ થતા હોય છે. કાઈમના કિસ્સા પણ રોજબરોજ વધી રહ્યા છે. જયારે જાહેરમાં કચરો

સળગાવવાની મનાઈ છે. જો કોઈ વ્યકિત જાહેરમાં કચરો સળગાવે તો કાયદેસરની કાર્યવાહી તેની સામે થઈ શકે છે.જયારે ગાંધીનગર સ્વચ્છ અને સ્માર્ટ બની રહે તે માટે તંત્રના અધિકારીઓ તેમજ પક્ષના પદાધિકારીઓ કમરકસી રહ્યા છે. શહેરી વિસ્તારમાં જાહેરમાં કચરો કોઈ ન નાંખે તે માટે ઠેર ઠેર તંત્ર દ્વારા કચરાપેટી મુકવામાં આવી છે. ત્યારે કચરાપેટી સળગાવતા હોવાની ફરીયાદો ઉઠવા પામી હતી. કચરો ભરેલી પેટીમાં દિવાસળી ચાંપી આગ લગાવતા કેટલાક શખ્સો સામે પોલીસે દંડનીય કાર્યવાહી કરવાની જરુર છે. કુડાસણ વિસ્તારમાં રાત્રીના સમયે ત્રણ યુવકો ચાલતા જઈ રહ્યા છે. તે પૈકી એક યુવક કચરા પેટીમાં દિવાસળી નાંખી આગ લગાવતો વીડીયો વાઈરલ થયો છે. આગ લગાવતો યુવક સીસીટીવીમાં કેદ થયો છે. આગ લગાવતા યુવક સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

કડી વિશ્વ વિદ્યાલયના બે સ્વયંસેવકોની વેસ્ટઝોન પ્રી આરડી કેમ્પમાં પસંદગી

ગાંધીનગર, તા.૧૯

કડી સર્વ વિશ્વ વિદ્યાલયના એનએસએસના બે સ્વયંસેવકોની પસંદગી વેસ્ટઝોન પ્રી આરડી કેમ્પ માટે થઈ છે. અશ્વિનભાઈ એ.પટેલ કોમર્સ કોલેજની સ્વયંસેવક વિભુતિ પટેલ અને ભોલાભાઈ પટેલ કોલેજ ઓફ બિઝનેસ એડમીનસસ્ટ્રેશનના અર્પિત માલાનીની પસંદગી થઈ છે. તા.૧૯ નવેમ્બરથી ૨૯ સુધી સરદાર પટેલ યુનિ.ના યજમાનપદે યોજનાર દસ દિવસીય વેસ્ટઝોના પ્રીઆરડી કેમ્પમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયના બે સ્વયંસેવકો ભાગ લેશે. યુનિ.નું ગૌરવ વધારવા બદલ કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસીડેન્ટ વલ્લભભાઈ પટેલ અને પ્રોગામ કોઓર્ડીનેટર ડો.રણછોડ રથવી, પ્રો.અંજલિ પટેલે અભિનંદન પાઠવ્યા છે.

આજે પાલજ ખાતે નિઃશુલ્ક મેડિકલ ચેકઅપ કેમ્પ

ગાંધીનગર, તા. ૧૯

લીલાવતી હોસ્પિટલ દ્વારા ૧૯મી તારીખને રવિવારે નિઃશુલ્ક મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જે મહાકાળી માતાજીના મંદિરના પટાંગણમાં બસસ્ટોપ પાસે, પાલજ ખાતે સવારે ૧૦ વાગ્યાથી ૪ વાગ્યા દરમિયાન નિઃશુલ્ક કેમ્પ યોજાશે. જેનો દરેક ગ્રામજનોને લાભ લેવા જણાવ્યુ છે.



ગાંધીનગર સેક્ટર-૨૪, સત્યમ શિવમ સહયોગ એપાર્ટમેન્ટ, અંબાજી માતા મંદિર મુકામે ચાલી રહેલ યુવા વક્તા પાર્થ શાસ્ત્રીના દ્વારા શ્રીમદ્ દેવી ભાગવત કથાનું રસપાન કરાવવામાં આવ્યું હતું.

જેમાં ગાંધીનગર ઉત્તર વિધાનસભાના કોંગ્રેસ પક્ષના ઉમેદવાર વિરેન્દ્રસિંહ વાઘેલા, વિપક્ષ નેતા અંકિત બારોટ અને ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન સંસ્થાના મિલાપ ટાટારિઆ વિશેષ ઉપસ્થિત રહી ભક્તો સાથે આરતી ઉતારવાનો અવસર પ્રાપ્ત કર્યો હતો અને ભાવિભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દર્શનનો લાભ લીધો હતો.

ઈન્ફોસીટી શાળાના વિદ્યાર્થીઓ ગાંધી આશ્રમની મુલાકાતે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર ઘ-૦ સ્થિત ઈન્ફોસીટી શાળામાંથી વિદ્યાર્થીઓને સાબરમતી ગાંધી આશ્રમની મુલાકાત લઈ શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. સેકન્ડરી વિભાગના શિક્ષિકા નીતુબેન પંડિત અને ગીરીશ જોષી વિદ્યાર્થીઓ સાથે જોડાયા હતા અને અભ્યાસક્રમમાં સમાવિષ્ટ દાંડીયાત્રા, ગાંધીજીના જીવનની ઝાંખી આપતી વસ્તુઓનો રૂબરૂ જોઈ અભ્યાસ કર્યો હતો. સાથેસાથે ચરખો ચલાવી રૂ કાંતવાની પણ મજા લીધી હતી.

ગાંધી આશ્રમમાંથી વિદ્યાર્થીઓને વધુ માહિતી ગાંધીનગરના સંદર્ભનું સાહિત્ય વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ભેટ સ્વરૂપે આપવામાં આવ્યું હતું.

માણસાના ડોક્ટર્સ દ્વારા ટીબીના ૨૮ દર્દીઓને રાશન કીટ અપાઈ

ગાંધીનગર,તા.૧૯

માનનીય વડાપ્રધાન શ્રી દ્વારા ૨૦૨૫માં ટીબીને સમગ્ર ભારત દેશમાંથી નાબુદ કરવાનું આહવાન કરેલ છે. ટીબીના દર્દીને પોષણયુક્ત આહાર ઉપરાંત માનસિક અને સામાજિક મદદની જરૂરિયાત રહે છે જેથી ટીબીના દર્દીઓને વધુ સારી સુવિધા મળી રહે તે માટે ભારત સરકારશ્રી દ્વારા કોમ્યુનિટી સપોર્ટ ટુ ટીબી પેશન્ટ પહેલ શરૂ કરવામાં આવી છે જે મુજબ આપ નિક્ષય મિત્ર તરીકે સહભાગી બનશો. આ અન્વયે ગાંધીનગર ના માણસા તાલુકાના પ્રાઈવેટ ડોકટર દ્વારા ૨૮ ટીબી ના દર્દીઓને કરિયાણા ની કીટ આપવામાં આવી. આ પોષણયુક્ત રાશન કીટ પ્રાઈવેટ ડોકટર જેવા કે ડૉ. ધર્મેન્દ્રસિંહ મહિડા, ડૉ. વિવેક રામી, ડૉ. વિજય દરજી, ડૉ. ભરત દેસાઈ, ડૉ. વિસ્મય, ડૉ. મુકુંદ પટેલ, ડૉ. રાકેશ સથવારા, ડૉ.

રાકેશ ગોસ્વામી, ડૉ. આર. એન. ગાંધી, તેમેજ માણસા મેડિકલ એસોસિયેશન અને જગદીશ ભાઈ પાટીદાર એજન્સી દ્વારા દર્દીઓને દત્તક લેવામાં આવેલ છે.આ કીટ આપવા બદલ તમામ દાતાઓનો ડૉ.દીપક પટેલ જીલ્લા અધિકારીશ્રી અને તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડો. પી. ડી.પાટીલ દ્વારા આભાર માનવામાં આવેલ છે. અને જીલ્લા ક્ષય અધિકારીશ્રી દ્વારા આવા જરુરિયાત મંદ અને આપના વિસ્તારમાં કામ કરતી વિવિધ સંસ્થાઓ, એન.જી.ઓ., સરકારી સંસ્થાઓ, કંપનીઓ, કોર્પોરેટ સેક્ટર વગેરે દ્વારા પોષણયુક્ત રાશન કીટ વોકેશનલ સપોર્ટ અને નિદાન જેવી અન્ય જરૂરિયાતો મુજબ સેવાઓ આપવામાં આવે તો દર્દીની ટીબીની સારવારના ખૂબ જ સારા પરિણામો મળી શકે છે તેવું જણાવેલ અને આપણું રાજ્ય ટીબી મુક્ત રાજ્ય બનાવવા માટે આપનાવિસ્તારના જિલ્લા ક્ષય અધિકારીશ્રી દ્વારા સારવાર લઈ રહેલા ટીબીના જરૂરિયાતમંદ દર્દીઓની માહિતી આપવામાં આવશે જે માહિતી મુજબ આવા જરૂરિયાતમંદ દર્દીઓને દત્તક લઈને ટીબી મુક્ત ગુજરાત બનાવવા આપ સૌનો સહયોગ માંગવામાં આવે ગુજરાત ટીબી મુક્ત ગુજરાત ગર્વથી કહી શકાય એવા સંકલ્પ સાથે આપણે સૌ સાથે મળીને પ્રયત્ન કરીએ.હજુ પણ જિલ્લા માં આવા ઘણા દર્દી છે જેમને પોષક આહારની જરૂર છે.જો કોઈ વ્યક્તિ, સંસ્થા કે કંપની સી.એસ.આર એકટીવિટીમાં આવા જરૂરિયાત મંદ ગરીબ ટીબી દર્દીઓને આવા પોષાણ યુક્ત આહાર ની કીટ આપવા માંગતા હોય તો જિલ્લા ક્ષય કેન્દ્ર, ડી -૪ , ત્રીજો માળ, સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર,નો સંપર્ક કરવો. આવો સાથે મળી આપના જિલ્લા રાજ્ય અને દેશ ને ટીબી મુક્ત બનાવીએ.ટીબી હરેગા દેશ જીતેગા...

એમ. બી. પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં વાલી સંમેલન

ગાંધીનગર, તા.૧૯

એમ બી પટેલ ઈંગ્લીશ મીડીયમ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલમાં તારીખ ૧૯ નવેમ્બરના રોજ વાલી સંમેલન યોજાયું હતું. જેમાં સેકન્ડરી સેક્શન, વિજ્ઞાન પ્રવાહ અને વાણિજ્ય પ્રવાહ-આર્ટ્સ અને કોમર્સના ધોરણ ૯ થી ૧૨ સુધીના તમામ વર્ગોના વિદ્યાર્થીઓ અને વાલીઓએ ભાગ લઈને પ્રથમ સત્ર પરીક્ષાના પેપર અને પરિણામ પત્રકો મેળવ્યા હતા. વાલી સંમેલનમાં બાળકોના પરિણામ, વિદ્યાર્થીઓ અને શાળાની શૈક્ષણિક સિદ્ધિઓ, સામાજિક પ્રવૃત્તિઓ અને આગામી સત્ર માટે તથા બોર્ડ પરીક્ષાઓ માટેની તૈયારી અને રૂપરેખાને સંબંધીત સઘન ચર્ચાઓ કરવામાં આવી હતી. શિક્ષકો અને વાલીઓ સાથે મળી બાળકોના શૈક્ષણિક સ્તરને ઊંચું લાવવા માટે ચિંતન વ્યક્ત કર્યું હતું. જેમાં વાલીઓએ હકારાત્મક ભૂમિકા ભજવી હતી. કોરોના કાળ પછી તેમના બાળકોએ શૈક્ષણિક મુખ્ય ધારામાં જોતરાઈની ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હોવાનો સંતોષ વ્યક્ત કર્યો હતો. શાળાના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન અને શિક્ષકોએ વાલીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાત નાગર પરિષદ દ્વારા જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

સમગ્ર ગુજરાત નાગર પરિષદના ઉપક્રમે ભાવનગર મુકામે સમગ્ર નાગરો માટે જીવનસાથી પસંદગી સંમેલન તા. ૮-૧-૨૦૨૩ના રોજ નાગર પરિષદ તથા હરકાંતભાઈ દેસાઈ, મધુબેન પંડ્યાના સહકારથી ૨૬મો જીવનસાથી પસંદગી સંમેલન યોજાનાર છે.

તેમાં રસ ધરાવતા સમસ્ત નાગર પરિવારોએ ફોર્મ મેળવી નિર્દિષ્ટ જગ્યાએ જરૂરી રકમ ભરી નામ નોંધણી માટેની અપીલ કરવામાં આવી છે.

જેના માટે સુભાષ ભટ્ટ - ૧૨૭૫, શિવમ સોસાયટી, સે. ૨૭, અરૂણ બુચ - પ્લોટ નં. ૨૨૦, સે. ૨૦ ખાતેથી ફોર્મ મેળવી ભરી સહભાગી થવા જણાવ્યુ હતુ.